## –:: ભાવ ભરવા સંબંધિત શરતો ::–

(૧) ભાવપત્રક સાથે બાનાની રકમ રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ની એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેર, મા. અને મ. વિભાગ, ગોધરાના નામની સામેલ રાખવાની રહેશે. બાનાની રકમ વગરના ભાવપત્રક ધ્યાને લેવામાં નહિ આવે.

(૨) આ કામની અનુસૂચિમાં જણાવવામાં આવેલ બાબતોની કામગીરી જરૂરીયાતને આધિન કરાવવામાં આવશે. આ બાબતે કોઈ વિવાદ કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહિ. કોઈપણ કારણો આપ્યા સિવાય એક અથવા બધા જ ભાવપત્રકો મંજૂર / નામંજૂર કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરશ્રીને અબાધિત છે.

(૩) આ ભાવપત્રકમાં જણાવેલ બાબતો મુખ્યત્વે આ પેટા વિભાગ હેઠળના કાર્યક્ષેત્રમાં ઉપયોગમાં લેવા માટે વાર્ષિક ધોરણે મંગાવવામાં આવે છે. મંજૂર કરાવવામાં આવેલ ભાવની સમય–મર્યાદા એક વર્ષ માટેની રહેશે અને સમયોચિત મુદ્દત વધારવા કે ઘટાડવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય અંતિમ અને આખરી રહેશે. ખાતાની જરૂરિયાત અનુસાર ભાવોની સમય–મર્યાદા વધારી શકાશે.

(૪) આવેલ ભાવો ભાવ મળ્યાની તારીખથી ૯૦ દિવસ સુધી ભાવો ભરનાર આ દિવસો પહેલા ઓફર પરત ખેંચી શકશે નહિ.

(૫) સરકારશ્રીના વખતોવખતના નિયમો ભાવ ભરનાર ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે. તેમજ ઠેકેદાર ધ્વારા ભરવામાં આવેલ ભાવો તમામ પ્રકારના ટેક્ષ સાથેના જ રહેશે. અલગથી કોઈ ટેક્ષ ચૂકવવામાં નહિ આવે. ઈજારદારશ્રીએ વર્તમાનમાં સરકારશ્રી દ્વારા નક્કી કરેલ બધા ટેક્ષ એટલે કે જીએસટી, આવકવેરા તથા લેબર સેસ અને અન્ય લાગુ પડતા ટેક્ષ સહિત ભાવ ભરવાના રહેશે.

(૬) કોન્ટ્રાકટરનાં બીલ નિરીક્ષક અધિકારીશ્રી મારફત ચૂકવણાં અર્થે રજૂ કરવાના રહેશે.

(૭) મંજૂર કરવામાં આવેલ ભાવ બાબતે કામની જરૂરીયાતના જથ્થા મુજબ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર કરારનામાની જરૂરી સિકયોરીટી ડીપોઝીટ ભરી ઠેકેદારશ્રીએ કામ કરવાનું રહેશે.

(૮) ઠેકેદારશ્રીએ અનુસુચિમાં જણાવેલ બાબતો અન્વયેની કામગીરી / માલસામાનની જરૂરીયાત ઉભી થયે સુચના મુજબ સમયમર્યાદામાં પૂરી કરવાની / પાડવાની રહેશે.

(૯) કામના જથ્થા, ગુણવત્તા અને જરૂરીયાત અંગે કોઈપણ તકરાર કે ગૂંચવણ ઉભી થયે કાર્યપાલક ઈજનેરશ્રી, ગોધરા (મા×મ) વિભાગ, ગોધરાનો નિર્ણય આખરી રહેશે અને ઠેકેદારને બંધનકર્તા રહેશે. નિયત સમય મર્યાદામાં પુરા ન કરેલ કામ બાબતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સક્ષમ અધિકારી દંડની જે રકમ નકકી કરે તે ઠેકેદારને બીલમાંથી કપાત કરવામાં આવશે.

(૧૦) આ ભાવો ઈમરજન્સી કામો માટે મંગાવવામાં આવેલ છે માટે જો મંજુર થયેલ એજન્સી તરફથી ઈમરજન્સીમાં કોઈ રીસપોન્સ ન મળે કે કોઈ કામને પહોંચી ન વળે તો અન્ય એજન્સી પાસેથી કામગીરી કરાવવામાં આવશે. જેનો આખરી નિર્ણય એન્જીનીયર ઈન ચાર્જનો રહેશે.

(૧૧) ભાવપત્રકમાં જણાવેલ આઈટમ્સની કામગીરી કરાવવા માટે આ કચેરી બંધાયેલ નથી. જો કોઈપણ કામ કરાવવામાં અથવા માલસામાન ખરીદ કરવામાં નહિ આવે, તો ભાવ ભરનાર કોઈ હકકદાવો કરી શકશે નહિ.

(૧૨) કામમાં વાપરવાનો થતો માલસામાન સક્ષમ અધિકારીશ્રી પાસે મંજૂર કરાવ્યા બાદ તેમજ નિયમોનુસાર ગેરી / માન્ય લેબોરેટરીમાં ટેસ્ટીંગ રીપોર્ટ મેળવ્યા બાદ જ ઉપયોગમાં લેવાનો રહેશે.

(૧૩) ભાવો ભરનાર એજન્સી ધ્વારા અસાધારણ નીચા ભાવો ભરવામાં આવશે તે મંજૂર કરવામાં આવશે નહિ અને આવા ઈજારદારો પાસેથી જામીન અનામતની નિયત રકમ રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)ની બમણી એટલે કે રૂા.૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ પુરા જામીન અનામત પેટે જમા લેવામાં આવશે.

(૧૪) આ કામની અનુસુચિમાં જણાવેલ તમામ બાબતો મેં / અમે વાંચી છે, સમજી છે અને તે મુજબ ભાવો ભરેલ છે.

(૧૫) ભાવપત્રક મુજબ વિવિધ કામગીરી દરમ્યાન રોકેલ કારીગરી / મજુર / ઓપરેટર વિગેરેને અકસ્માત / અન્ય સંજોગોથી કોઈપણ શારીરિક કે અન્ય નુકશાન થાય તો તે અંગેની જવાબદારી આ ખાતાની રહેશે નહિ અને આ અંગે ઈજારદારશ્રીએ ખાતાને **Indemnified** આપવાની રહેશે.

(૧૬) વિવિધ પ્રકારની કામગીરી દરમ્યાન કારીગરી / મજુર / ઓપરેટર ધ્વારા સરકારી મિલકતને નુકશાન / ચીજ વસ્તુની ચોરી થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે.

(૧૭) આ ભાવપત્રકો મરામતની કામગીરી પ્રકારના હોય, કોઈપણ પ્રકારની નાના / મોટા જથ્થાની કામગીરી કરી આપવા માટે ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

(૧૮) સરકારશ્રીને જયારે જરૂરીયાત ઉભી થાય ત્યારે મૌખીક અથવા લેખીતમાં જણાવ્યા મુજબની કામગીરી કરારનામા કરી, જરૂરીયાત મુજબના સમયમાં કામગીરી પુરી પાડવાની રહેશે. કામગીરી પુરી કરવામાં વિલંબ થશે તો ઈજારદારના ખર્ચે અને જોખમે અન્ય ઈજારદારો પાસેથી કામગીરી કરાવવામાં આવશે. તેમજ કામગીરી પુરી પાડવાના વિલંબ માટે બીલમાં નિર્દિષ્ટ કર્યા મુજબની પેનલ્ટી પેટે દંડ વસુલ કરવામાં આવશે.

(૧૯) ભાવપત્રક આઈટમ પૈકી કામના સ્થળે કામ પૂર્ણ થયા બાદ ડેબરીઝ વિગેરે સુચના મુજબ દુર ફેંકી બરાબર સાફ–સફાઈ કરી આપવાની રહેશે.

(૨૦) શરતી ભાવો સ્વીકારવામાં આવશે નહિ.

(૨૧) સદર ભાવો ઈમરજન્સી કામગીરીને ધ્યાને રાખી માંગવામાં આવેલ હોય, સમયસર આપના દ્વારા કામગીરી કરવાની રહેશે. અન્યથા સદર મંજુર થયેલ ભાવોથી બીજા ઈજારદારશ્રી પાસે મંજુર થયેલ ભાવે કામ કરાવાની ફરજ પડશે. જે આપને બંધનકર્તા રહેશે.

**(૨૨) સદર ભાવો GST સિવાય ભરવાના રહેશે. SBD ની જોગવાઈ અનુસાર GST અલગથી આપવામાં આવશે.**

(૨૩) જયાં સુધી નવા ભાવ મંજુર ન થાય ત્યાં સુધી અનામતની રકમ પરત આપવામાં આવશે નહિ, નવા ભાવ મંજુર થયેથી અનામતની રકમ પરત કરવામાં આવશે.

(૨૪) આ કામ માટેના ઈજારદારો તરફથી ભરાઈને આવેલ ટેન્ડર પૈકી મંજુર થયેલ ભાવે, ભાવ ભરનાર અન્ય ઈજારદાર પાસેથી કોઈ પણ આઈટમની કામગીરી કરાવી શકાશે અને તે બાબતે અન્ય ઈજારદાર તરફથી કોઈ વાંધો – તકરાર ઉભી કરવાની રહેશે નહી. ભાવ ન ભરનાર કોઈ પણ

ઈજારદારશ્રીઓને કામગીરી કરવાનો કોઈ હક્ક રહેશે નહી, એટલે કે જે ઈજારદારશ્રી ભાવ ભરશે નહી, તેને કોઈપણ પ્રકારની કામગીરી સોંપવામાં આવશે નહી.

(૨૫) આ કામની અનુસુચિમાં જણાવેલ તમામ બાબતો મેં / અમે વાંચી છે. સમજી અને તે મુજબ ભાવો ભરેલ છે.

(૨૬) શરતી ભાવો સ્વીકારવામાં આવશે નહી.

(૨૭) ભાવ પત્રકમાં દરેક પાના નીચે ઈજારદારશ્રીએ સહીઓ કરવી તેમજ છેકચાક હોય ત્યાં પણ સહીઓ કરવી.

(૨૮) ભાવ પત્રકમાં ભાવો આંકડામાં તથા શબ્દોમાં દર્શાવવાના રહેશે.

(૨૯) સરકારશ્રીના પ્રવર્તમાન તેમજ આ કરારની મુદ્દત સુધીમાં જો કોઈ નવા નિયમો આવશે તે બધા નિયમો ભાવ ભરનારને બંધનકર્તા રહેશે.

કાર્યપાલક ઈજનેર
મા. અને મ.વિભાગ
ગોધરા

ઉપર્યુકત શરતો મેં / અમે વાંચી છે, સમજી છે અને તે મુજબ કામગીરી કરવા હું / અમો સંમત છીએ.

ભાવ ભરનાર
ઈજારદારની સહી